॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● ફાગણ વદ - ૭ ● તા. ૦૩-૪-૨૦૨૧ ● શનિવાર SDP NO: 350 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

૧૦ એપ્રિલથી ગાંધીધામ હાવડા અને ૧૬ એપ્રિલથી ગાંધીધામ પુરી ટ્રેન શરૂ

બીજી કોઈ સૂચના સુધી વિશેષ ટ્રેનની શ્રેણીમાં દોડાવાશે : સમય સારણી, સ્ટોપેજ યથાવત

ગાંધીધામ, તા. ૩૧ :રેલવે દ્વારા ગાંધીધામથી ઉપડતી વધુ બે લાંબા અંતરની ટ્રેનોને વિશેષ ટ્રેનના દરજ્જા સાથે દોડાવવા નિર્ણય કરાયો છે.

રેલવેના સત્તાવાર સાધનો પાસેથી મળતી વિગતો મુજબ કચ્છથી બંગાળને સાંકડતી ગાંધીધામ હાવડા અને ઓરિસ્સાના પુરીની બીજી ટ્રેનને દોડાવવા નિર્ણય કરાયો છે ગાંધીધામ હાવડા (૦૨૯૩૭) દર શનિવારે સાંજે ૬ વાગ્યે ગાંધીધામથી ઉપડી ત્રીજા દિવસે સોમવારે બપોરે ૧૨.૫૫ કલાકે હાવડા પહોંચશે. આ ટ્રેન તા. ૧૦ એપ્રિલથી આગળની સૂચના સુધી દોડાવવામાં આવશે. એ જ રીતે હાવડા ગાંધીધામ (૦૨૯૩૮) રાત્રિના ૧૧ વાગ્યે દર સોમવારે રાત્રે ૧૧ વાગ્યે ગાંધીધામથી ઉપડી બુધવારે બપોરે ૦.૫૫ વાગ્યે ગાંધીધામ પહોંચશે. આ ટ્રેન બન્ને દિશામાં સામખિયાળી, ધ્રાંગધ્રા, અમદાવાદ, વડોદરા, રતલામ, કોટા, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન, સાસારામ, ગયા, ધનબાદ, આસનસોલ સ્ટેશનો ઉપર રોકાશે.

ગાંધીધામથી પુરી વચ્ચે દોડતી બીજી ટ્રેન આગામી તા. ૧૬ એપ્રીલથી બીજી સુચના સુધી દોડાવવામાં આવશે. ગાંધીધામ-પુરી એક્સપ્રેસ(૦૯૪૯૩) દર શુક્વારે રાત્રે ૧૧.૦૫ વાગ્યે રવાના થઈ ત્રીજા દિવસે રવિવારે બપોરે ૨.૫૫ વાગ્યે પુરી પહોચશે. એ જ રીતે પુરી ગાંધીધામ (૦૯૪૯૪)દર સોમવારે રાત્રે ૮ વાગ્યે પુરીથી ઉપડી ત્રીજા દિવસે બુધવારે સવારે ૧૧.૨૫ વાગ્યે ગાંધીધામ પહોંચશે. આ ટ્રેન બન્ને દિશામાં ભચાઉ, સામખીયાળી, અમદાવાદ, વડોદરા, સુરત, નંદુરબાર, જલગાંવ, ભુસાવલ, નાગપુર, ગોંદીયા, દુર્ગ, રાયપુર, ખરીયર રોડ, કાંતાબંજી, ટીટલાગઢ, બલનગીર, બરગઢ રોડ, સંબલપુર, અંગુલ, ઢેંકનાલ, ભુવનેશ્વર, ખુર્દારોડ, જંકશન ઉપર થોભશે.

સુરતમાં આત્મનિર્ભર રાષ્ટ્રમાટે નો ઉમંગ

"સૌનો સાથ, સૌનો વિકાસ"

ઉમંગ અર્બન કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી.

દ્વિતીય વાર્ષીક સામાન્ય સભા

તા. ૨૦-૦૩-૨૦૨૧

કચ્છ કડવા પાટીદાર સમાજવાડી, ઉધના મેઈન રોડ, સુરત.

સુરત શહેરમાં કકપા ના સંગઠિત ટીમ દ્વારા કો.ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીની રચના બાદ આત્મનિર્ભરતા માટે ના પ્રયાસ સ્વરૂપે સામાન્ય સભા નું આયોજન.

ઉમંગ અર્બન કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી.દ્વીતિય વાર્ષિક સામાન્ય સભા તા ૨૦/૩/૨૦૨૧ ના રોજ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી સેજીમા ભવન ઉધના સુરત મુકામે ચેરમેનશ્રી નાનજીભાઈ ના અધ્યક્ષ સ્થાને રાખવામા આવી.

જેમા કોરોના મહામારીની ગંભીરતાને દયાનમા રાખી ચેરમેનશ્રી ના આદેશ અનુસાર સીમિત સંખ્યા મા સરકારશ્રીની ગાઈડલાઈન પ્રમાણે આયોજિત રાખવામાં આવી.

સૌ પ્રથમ સભા સંચાલક ગોવિંદભાઈ માંકાણી દ્વારા સ્થાન ગ્રહણ કરાવ્યા બાદ દિપપ્રાગટ્ય અને ભુમિકાબેન દ્વારા પ્રાર્થના કરી મીટિંગની શુભ શરુઆત કરવામા આવી.

ત્યાર બાદ કોરોના કાળમાં સ્વર્ગે સીધાવેલ સમસ્ત વિશ્વના સ્નેહીજનોના આત્માની પરમ શાંતિ માટે ૦૨ મિનિટ ની શાંતિ પ્રાર્થના કરવામા આવી.

ત્યારબાદ ઉપ પ્રમુખશ્રી જયંતિભાઈ પોકાર (LIC) દ્વારા આવકાર સ્વાગત કરવામા આવ્યુ. સહ મંત્રીશ્રી જયંતિભાઈ લીંબાણી દ્વારા ગત મિનિટસનુ વાંચન કર્યા બાદ સભાએ બહાલી આપી અને મહામંત્રીશ્રી ખીમજીભાઈ પોકાર દ્વારા વાર્ષિક હિસાબોનું વાંચન કાર્ય બાદ સભાની બહાલી મેળવવામાં આવી.

ત્યાર બાદ ચેરમેન શ્રી નાનજીભાઈ વાલાણીએ સૌને આવકારતા અને નવા ઠરાવોને મંજુર કરાવ્યા બાદ વિદાય લેતા

સંયોજકઃ ભવાનભાઈ જાદવાણી કામરેજ,

ડિરેક્ટરશ્રી વિનોદભાઈ માંકાણીને માનભેર સન્માનીય વિદાય આપવામા આવી અને તેમના સ્થાને મહિલા અનામત સીટ માટે શ્રીમતી ભુમિકાબેન માંકાણીનો પરીચય આપવાની સાથે સર્વાનુમતે વરણી કરી સન્માનીત કરી ટીમમાં આવકારવામા આવ્યા. જેને સૌ સભાસદોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યા હતા.

ત્યારબાદ મહિલા ડિરેક્ટર શ્રીમતી રમિલાબેન મૈયાત દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કર્યા બાદ સિનિયર ડીરેકટરશ્રી મગનભાઈ જાદવાણી દ્વારા ટુંકા ગાળામાં શરુ કરેલ બેંકની પ્રગતિ અને પ્રથમ વર્ષે જ ડીવીડંડ આપવા અંગે ખુશી વ્યક્ત કરી હતી.

સલાહકાર શ્રીમાન ભાણજીભાઈ માંકાણી દ્વારા બેંકની સરુઆતથી ખુશી વ્યક્ત કરતા ભાવવિભોર મુદ્રામાં જણાવેલ કે આ બેંક નાના મા નાના આપણી સમાજના વ્યક્તિને ખુબ ઉપયોગી બની રહી છે. તેમાં પણ કોરોના મહામારીમાં જે નાના માણસોના કામો કર્યા તે ખરેખર પ્રસંસનીય અને ખુબ જ ઉમદા અને પ્રેરણાદાયી રહ્યા. પ્રજાનો વિશ્વાસ સંપાદન કર્યાની ખુશી ભારોભાર તેમના વ્યક્તિત્વ પરથી દેખાઈ આવતી હતી.

ત્યાર બાદ ઓપનમંચમા મોટાભાગના સભાસદોએ બેંકના કામકાજથી પ્રસંન્ન હોવાનો ચેરમેનશ્રીને અહેસાસ કરાવ્યો હતો.

અધ્યક્ષ સ્થાનેથી બોલતા ચેરમેન શ્રી નાનજીભાઈ વાલાણીએ જણાવ્યું હતું કે આપણે નક્કી કરેલો ગોલ આ મહામારી વચ્ચે પણ આપણે સીધ્ધ કરી શક્યા છીએ, પ્રથમ વર્ષે જ -૫- ટકા જેટલું ડીવિડંડ આપવા અંગે ખુશી વ્યક્ત કરી હતી, સાથે સાથે આ બેંકની શેર ભંડોળની લીમિટ ૦૧ કરોડ હતી તેને રજીસ્ટારશ્રી એ ૦૨ કરોડ સુધી લીમિટ કરવાની સાથે સાથે સુરત ના ૧૭ જેટલા વિસ્તાર જેવા કે ઉધના, પાંડેસરા, બમરોલી, ડિંડોલી, ભેસ્તાન, ભટાર, અલથાણ, વેશુ, ભીમરાડ, મગોબ, ડુંભાલ, પરવત, કતારગામ, અમરોલી, કાપોદ્રા, અડાજણ અને જહાંગીરપુરા વિસ્તારમાં કામકાજ કરવાની મંજૂરીથી પુરા કચ્છ કડવા પાટીદાર સમાજ સુરત ને હવેથી સહયોગી બની સકવા બદલ આનંદ વ્યક્ત કરી સૌ સભાસદોને જાણકારી આપી હતી અને બેંકના કર્મચારી અને સભાસદોનો સહહૃદય આભાર વ્યક્ત કર્યો હતો.

આભાર દર્શન ની પ્રક્રિયા શ્રીમતી વનીતાબેન વાલાણી એ કરેલ હતી.

આ મીટીંગનુ સંપુર્ણ સંચાલન ગોવિંદભાઈ માકાણી દ્વારા તેમની સાહજિક શૈલીથી કરી સૌને મોહિત કર્યા હતા.

છેલ્લે.. સૌ સાથે મળી રાષ્ટ્રગાન ગાઈ ચા પાણી કરી છુટા પડ્યા હતા.

એકતા અને સમરસતા ના અભિગમે

૧૦૦ વિદ્યાર્થીઓના એક હોસ્ટેલના કેન્ટીનમાં રોજરોજ દાળભાતનુ ખાઈ ખાઈ ને કંટાળેલા ૮૦ વિદ્યાર્થીઓએ હોસ્ટેલના ગૃહપતિને ફરીયાદ કરી કે અમારે રોજરોજ દાળભાત જ ખાવાના ? કાંઈક નવું તો આપો.

આ ૧૦૦ લોકોમાથી ૨૦ લોકો એવા હતા જેને દાળભાત બહું જ ભાવે. એ લોકો એમ ઈચ્છતા હતા કે દાળભાત તો રોજ જોઈએ. જ્યારે બાકીના ૮૦ લોકો અલગ શાકની માંગણી કરી રહ્યા હતા.

ગૃહપતિ એ વિચારીને નકકી કર્યુ કે આપણે વોટીંગ કરીએ. જે સબ્જી ને સહુથી વધારે વોટ મળે તે આપણે બનાવડાવીશુ.

ચુંટણી થઈ.....

જેમને દાળભાત પસંદ હતાં એ ૨૦ લોકોએ દાળભાત માટે મત આપ્યો. બાકીના ૮૦ લોકોએ અંદરો અંદર કોઈ વાતચિત ના કરી અને પોતપોતાની પસંદ, ટેસ્ટ અને વિવેક પ્રમાણે મત આપ્યો.

હવે આમાં થી ૧૪ લોકોએ રીંગણ ને મત આપ્યો, **૧૬** લોકોએ બટાકા ડુંગળી ને મત આપ્યો, **૧૮** લોકોએ કોબી ફલાવર ને પસંદ કરી મત આપ્યો, **૧૨** લોકોએ સરગવાને મત આપ્યો, **૧૦** લોકોએ મીક્ષ સબ્જી પુરી ને મત આપ્યો, **૧૦** લોકોએ વળી પોતાની રીતે અલગ અલગ સબ્જી ને મત આપ્યો.

હવે વિચારો...

શું થયું હશે...???

એ કેન્ટીનમાં આજે પણ એ ૮૦ લોકો રોજે રોજ દાળભાત ખાઈ રહ્યા છે મતલબ....

કાંઈ સમજમાં આવે છે...????

જ્યાં સુધી ૮૦% લોકો અંદરો અંદર જાત પાત, પંથ, પ્રદેશ, અને વિચારધારા ના લીધે બે ભાગમાં વહેંચાતા રહેશે ત્યાં સુધી ૨૦% લોકો તમારા ઉપર રાજ કરતા રહેશે...

લેખકઃ .....✔✔✔

શાંતિભાઈ સેંધાણી, ભુજ RSS

અમે તૈયાર છીએ....

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને જાગૃતિ મહિલા મંડળ

HEALTH & DISASTER MISSION

KKP YOUTH CLUB KADODARA

કડોદરા અને આસપાસ ના કોઈ પણ 45 વર્ષ ઉપરના નાગરિક માટે

અમે તૈયાર છીએ...

રાષ્ટ્રીય કોરોના વેકસીન અભિયાન માટે અમે તૈયાર છીએ...

કડોદરા કકપા સમાજ દ્વારા વર્તમાન સમયે કોરોના વેકસીન મુકવા માટે પાટીદાર ભવન માં જ કેમ્પ રાખવામાં આવેલ છે. અત્યાર સુધી ૬૦ ઉપરના વ્યક્તિઓને જ રસી મુકવામાં આવતી હતી. જેનો પ્રારંભ કડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જ્યારે પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે સિનિયર સિટિઝન એવા કડોદરા કકપા સમાજના જ ૮૪ વર્ષ ના ગંગા. સ્વં. જમનાબેન ખેતભાઈ થી કરવામાં આવેલ અને સાથે સમાજ પ્રમુખ માવજીભાઈ પોકાર અને ટ્રસ્ટી નરસીભાઈ પોકાર હસ્તે જ વેકસીન મુકવાની શરૂઆત કરેલ.. જે અવિરત ચાલુ છે..

PHC સેન્ટર કડોદરા ખુલી જગ્યામાં હોય બિલડીંગ ની અંદર કોરોના ટેસ્ટિંગ થતું હોય તેમજ પોઝિટિવ કેસનું આવાગમન પણ થતું હોયને, હવે ૪૫ ઉપરની ઉંમરના તમામને રસી મુકવાની હોય બહાર તડકામાં લાઈનમાં ઉભેળાઓ ની અકળામળ થતી હોય કકપા સમાજના પ્રમુખશ્રી એ સાવચેતી અને સુરક્ષાને ધ્યાને લઈ ને પાટીદાર ભવન માં ૦૬ એપ્રિલ ના સવારે ૧૦ વાગ્યે થી વેકસીન કેમ્પ રાખવાનું આયોજન કરેલ છે જેમાં આસપાસ ના કોઈપણ વ્યક્તિ રજીસ્ટર કરાવી વેકસીન મુકાવી શકશે.. સંખ્યા વધશે તો ૦૨ દિવસનો વેકસીન અભિયાન રાખવામાં આવશે..

કેકેપી યૂથ કલબ ના સહયોગ થી યુવસંઘના હેલ્થ અને ડિઝાસ્ટર ના પ્રોજેકટ ડેવપમેન્ટ ઓફિસર એવા દીપિકા પોકાર અને જાગૃતિ મહિલા મંડળ દ્વારા આ અભિયાન વુમન અભિયાન રહશે.. જેમાં યુવા અને એજ્યુકેટેડ દીકરીઓ પુત્રવધુઓ આ કાર્ય કરશે જેની ટ્રેનિંગ પી. એચ. સી. સેન્ટર કડોદરા ના ડો. અસ્થાના દ્વારા આપવામાં આવી રહી છે.

સમાજની જ દીકરીઓ જે ડૉક્ટરનો અભ્યાસ કરી રહી છે તેઓ રસીકરણ કરશે. તેથી પણ સમય ખાવ કાર્ય રજિસ્ટ્રેશન નું છે જે કાર્ય માટે દરેક આજથીજ પોતાના મોબાઈલ નંબર સાથે આધારકાર્ડ વોટ્સઅપ દ્વારા ૯૯૦૯૯ ૧૧૦૭૭ સેલ નબર પર મોકલવાનું રહેશે.

જેથી કેમ્પ ના દિવસે રસી મુકવાનું કાર્ય વ્યાપક રીતે સરળતાથી મુકાવી શકાય..

પાટીદાર ભવન માં ખૂબ મોટી જગ્યા હોય સોસીયલ ડિસ્ટન્સ પણ જળવાઈ રહેશે અને પેનિક વિના સુંદર કાર્ય કરવા હેલ્થ અને ડિઝાસ્ટર ની ટીમ દ્વારા આ રાષ્ટ્રીય વેકસીન અભિયાન ને ઉત્સાહ પૂર્વક સંપ્પન કરી શકાશે...

અમે તૈયાર છીએ...

બંસરી, ટીશા, નેહાલી, ભક્તિ, હિમાની, ખ્યાતિ, જહાંનવી, દીપિકા, જાગૃતિ ટીમ. ગીતા, વનિતા, પુષ્પા.

રાષ્ટ્રીય કોરોના વેકસીન અભિયાન માટે અમે તૈયાર છીએ..

નોંધ. કોઈપણ વ્યકતિ આ રસી મુકવા પોતાની નોંધણી કરાવી શકે છે..

સાત ફેરા સમુહ લગ્ન યોજના

શુભ વિવાહ

સમુહ લગ્ન આયોજન સમિતિની યાદીઃ

સંયોજક : શ્રી અંબાલાલ રતનશી પારસીયા

શ્રી ચોવીસ ગામ સમુહલગ્ન સમીતી, મથલ ની કારોબારી સભ્યો ની મીટીંગ ગત તા.: ૩૧/૦૩/૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ તેમાં ચાલુ સાલે ૭ (સાત) કન્યાઓના લગ્ન હેતુ ફોર્મ આવેલ છે.

આ સમુહલગ નું આયોજન સરકારશ્રી ની ગાઈડ લાઈન મુજબ જ કરવામાં આવશે. વળી તેમાં જેમ બને તેમ ઓછા માં ઓછા લોકોની હાજરીમાં થાય એવું આયોજન કરવામાં આવશે.

તેમાં કન્યા દાન માં વસ્તુ ભેટ સમીતીએ નક્કી કર્યા મુજબ આપવામાં આવશે. અને બીજુ, સ્વેચ્છાએ જે પણ દાન ભેટ આવશે તે સ્વીકારવા માં આવશે. આ બાબતે કોઈ ને પણ શરમાવવા માં આવશે નહિ.

સરકારશ્રી ની ગાઈડ લાઈન મુજબ 'શોર્ટ એન્ડ સ્વીટ' માં આ વખતે સમુહલગ્ન યોજવા માં આવશે.

માસ્ક અને સેનેટાઈઝીંગ નું ખાસ ધ્યાન રાખવામાં આવશે...

આ કન્યાઓ નો લગ્ન પ્રસંગ છે તો સૌ એ પુરતો સહયોગ આપવા નમ્ર વિનંતી....

સૌનો સાથ સૌનો વિકાસ...

પ્રમુખઃ શ્રી જીવરાજ ધનજી રંગાણી, ઘડાણી.

મહામંત્રીઃ શ્રી રામજીભાઈ ખેતા ચૌહાણ, ખોંભડી.

સ્થળઃ શ્રી મથલ ગૌશાળા

અંધશ્રદ્ધા નો વેપલા નો પર્દાફાશ..

અંધશ્રદ્ધા થી ચાલતો આ ઢોંગ નો વેપાર બંધ કરવા જાથા સંસ્થા દ્વારા જનહિત માં જારી.. વિજ્ઞાન નો ઉપયોગ સમજદાર કરે અને તેનો દુરુપયોગ આવા ઢોંગી કરે છે. જયંત પંડ્યા એડવોકેટ દ્વારા આવી અનેક ટોળકી અને બાવા ને મોલવી ને તેમજ માતાજીના નામે નાટક કરનાર ને ઝડપી પાડી જે પધારા કરવાનું અભિયાન ચાલુ છે આપને અહીં રોજ રોજ આવી માહિતી આપવામાં આવશે .

ભવન પોકાર મરોલી

-: અવસાન નોંધ :-

તા. ૨/૪/૨૦૨૧ શુક્વાર

સ્વ. વિવાન સંદિપભાઈ ભાવાણી, ઉમર : ૩.૫ વર્ષ,
કચ્છ માં ગામ : હાલે : સેનાનગર, ઔરંગાબાદ.

સ્વ. અંબાલાલભાઈ મનજીભાઈ ડાયાણી, ઉમર : ૬૬ વર્ષ,
કચ્છ માં ગામ : સાંગનારા
હાલે : કામારેડી (તેલંગણા)